ગીતની કમાલ

GUJARATI

એક બુન્દેલખંડી લોકકથા

ચિત્રાંકન: જીતેન્દ્ર ઠાકુર

एकलव्य

ગીતની કમાલ

એક બુન્દેલખંડી લોકકથા

ગુજરાતી ભાષાંતર: ધ્રુવ ભટ્ટ

ચિત્રાંકન: જીતેન્દ્ર ઠાકુર

ARCH

एकलव्य

એક ગામમાં એક સ્ત્રી રહેતી હતી. તે ક્યારેય ગાતી નહીં. ગામની બીજી સ્ત્રીઓ અનાજ દળતાં કે કૂવે પાણી ભરવા જતાં ગીતો ગાતી રહેતી. ગાવાનું મન તો આ સ્ત્રીનેય થતું પણ તેની પાસે એકેય ગીત ન હતું. એટલે તે મૂંગી મૂંગી કામ કર્યા કરતી.



એક દિવસ તેણે પાડોશણને પૂછ્યું, "બેન, તું તો આખો વખત ગીતો ગાયા કરે છે! તે આટલાં બધાં ગીત તું ક્યાંથી લાવી?"

પાડોશણ મજાકમાં બોલી, "લે, એ તો સાવ સહેલું છે. ગીત તો બજારમાં તૈયાર વેચાતાં મળે છે. હું તો મન થાય ત્યારે બજારમાં જઈને ગીતો લઈ આવું છું. તું પણ લઈ આવ."





આ સાંભળીને પેલી સ્ત્રી તો રાજી રાજી થઈ ગઈ. જેવો તેનો વર ઘરે આવ્યો કે તરત જ તેણે કહ્યું, "અરે, ઝટ બજારે જઈ મારા માટે થોડાંક ગીત ખરીદી લાવને!"

પતિને નવાઈ લાગી, "મેં તો બજારમાં ગીત વેચાતાં નથી જોયાં! તોય હું જઈને જોઈ આવું. મને પાંચ રૂપિયા આપ, હું એક સરસ મજાનું ગીત લઈ આવીશ."

એ પગપાળો બજારે પહોંચ્યો. અને પહેલી જ દુકાને જઈને ઊભો રહ્યો. એ દુકાને અનાજ-કરિયાણું વેચાતું હતું. તેણે દુકાનદારને પૈસા આપતાં કહ્યું, "એક મસ્ત મજાનું ગીત આપજે, ભાઈ!"
દુકાનદારે મશ્કરીમાં તેના દીકરા સામે આંખ મીચકારીને કહ્યું, "અરે રે! મારાં તો બધાંય ગીત વેચાઈ ગયાં છે. એમ કર, પેલા શાકવાળા પાસે હોય તો પૂછી જો."



પતિ બકાલી પાસે પહોંચ્યો. "ગીત તો નથી, શાક છે." બકાલી બોલ્યો. કાપડિયાના પણ એ જ હાલ હતા. તેણે સુઝાડ્યું, "ઝવેરીને ત્યાં તપાસ કર."

આમ ને આમ, એ બિચારો આખી બપોર એક દુકાનેથી બીજી દુકાને ભટકતો રહ્યો. તોય તેને એક પણ ગીત મળ્યું નહીં. છેવટે મનમાં દુઃખી થતો થતો ઘર તરફ ચાલતો થયો.



રસ્તામાં એક ઉંદર દર બનાવતો હતો. આ જોઈને અચાનક તેને એક વિચાર આવ્યો. 'ચાલને, હું પોતે જ આ ઉંદર પરથી એક ગીત બનાવી નાખું!' અને એ તો માંડ્યો ગાવા:

ખરખર ખરખર ખોદે છે

પોતાની આ કારીગરીથી ખુશ થઈને ગાતો ગાતો તે ચાલી નીકળ્યો:

ખરખર ખરખર ખોદે છે
ખરખર ખરખર ખોદે છે



આગળ જતાં એક સાપ સરકતો દેખાયો
અને તેણે ગીતમાં જોડ્યું:

સરસર સરસર સરકે છે

હવે ફુલાતો ફુલાતો તે ગાવા માંડ્યો:

ખરખર ખરખર ખોદે છે
સરસર સરસર સરકે છે

આગળ જતાં તેને એક સસલું દેખાયું. સસલું ઝાડી પાછળ છુપાઈને ચારે તરફ ધ્યાનથી જોઈ રહ્યું હતું. આ જોઈને તે ગાઈ ઊઠ્યો:

ટગર ટગર તે દેખે છે

તેનું ગીત હવે લગભગ બની જ ગયું હતું. ત્યાં જ તેને છલાંગ ભરતાં હરણાં દેખાયાં. આ જોઈને તે બોલી ઊઠ્યો:

ફૂદક ફૂદક તે ફૂદે છે

લો, બની ગયું આખું ગીત! હરખાતો હરખાતો, ગીત ગણગણતો તે ઘર તરફ ચાલ્યો:

ખરખર ખરખર ખોદે છે
સરસર સરસર સરકે છે
ટગર ટગર તે દેખે છે
કૂદક કૂદક તે કૂદે છે



ઘરે આવીને તેણે પત્નીને ગીત સંભળાવ્યું અને બોલ્યો, "બજારનું સૌથી મોંઘું ગીત છે, હાં!" પત્ની તો રાજીની રેડ થઈ ગઈ અને ગીત ગાવા માંડી. તેનો વર ઊંઘી ગયો પણ એ તો ગાતી જ રહી... ગાતી જ રહી.

તે એટલી ખુશ હતી કે ના તેને ગીત સિવાય
બીજું કંઈ સૂઝ્યું અને ના તો તેને ઊંઘ આવી.
છેવટે અડધી રાતે તે અનાજ દળવા બેઠી.
દળતી જાય અને ગાતી જાય.

ખરખર ખોદે છે ખરખર ખરખર ખોદે છે

ખરખર ખરખર ખોદે છે

એ જ વખતે ચાર ચોર છાનામાના તેના ઘરની દીવાલમાં બાકોરું પાડી રહ્યા હતા. એમણે સ્ત્રીને ગાતાં સાંભળી:

ખરખર ખરખર ખોદે છે
ખરખર ખરખર ખોદે છે

તેઓ એકદમ અટકી ગયા.

ખરખર ખરખર ખોદે છે

થોડીવાર પછી એમને લાગ્યું કે હવે બધું બરાબર છે. એટલે ચોર બાકોરામાંથી સરકી ને અંદર જવા માંડ્યા. ત્યાં જ પેલી સ્ત્રીએ ગાયું:

સરસર સરસર સરકે છે
સરસર સરસર સરકે છે

એટલે ચોર એકદમ અચકાઈને અટકી ગયા.

સરકે છે સરસર સરસર સરકે છે

'આ સ્ત્રીને કેવી રીતે ખબર પડી કે આપણે અંદર ઘૂસીએ છીએ?!' ગભરાટમાં ચોર આસપાસ જોવા માંડ્યા.

આ બાજુ પેલી સ્ત્રી તો ગાવામાં જ મશગૂલ હતી:

ટગર ટગર તે દેખે છે
ટગર ટગર તે દેખે છે

છે ટગર ટગર તે દેખે છે

‘બાપ રે! એણે પાક્કું આપણને જોઈ લીધા છે.’ ચોરોએ વિચાર્યું.

“હવે તો ઊભી પૂંછડીએ ભાગવામાં જ માલ છે!”

આ તરફ ચોર દીવાલ કૂદીને ભાગી રહ્યા હતા અને પેલી સ્ત્રીએ છેલ્લી કડી ગાઈ:

કૂદક કૂદક તે કૂદે છે
કૂદક કૂદક તે કૂદે છે

આ સાંભળીને ચોર તો રમરમાટ ભાગ્યા! એમણે સોગંદ ખાધા કે ફરી ક્યારેય આ ઘરમાં ચોરી કરવા નહીં આવે.

પેલી સ્ત્રીને તો ખબર પણ ન હતી કે તેના ગીતે કેવી કમાલ કરી હતી! એ તો બેઠી બેઠી અનાજ દળતી રહી.

સવારે એનો પતિ જાગ્યો ત્યારે અજવાળામાં તેણે દીવાલમાં પડેલું બાકોરું જોયું. પછી પગલાંના નિશાન પણ દેખાયાં. તે આખા ઘરમાં ધ્યાનથી જોઈ વળ્યો, પણ કંઈ ચોરાયું નહોતું.

તેણે પત્નીને પૂછ્યું, "કાલે રાતે તું શું કરતી હતી? લાગે છે ગઈ રાતે આપણે ત્યાં કેટલાક વણનોતર્યા મહેમાન આવ્યા હતા."

"ઓહ! મને તો ખબર જ ના પડી!”, પત્નીએ કહ્યું. “હું તો આખી રાત તું લાવ્યો હતો તે ગીતનો રિયાઝ કરતી હતી."

"વાહ!" પતિ બોલ્યો, "ખરેખર કમાલનું ગીત છે... આ ગીતે તો ચોરને ભગાડી મૂક્યા!"

સ્ત્રી મલકી ઉઠી. તે બોલી, "કેવી મજાની વાત! તું સાચ્ચે જ મારા માટે સૌથી સરસ ગીત લઈ આવ્યો!"

પછી બંને જણાંએ ચા બનાવીને પીધી;
અને આખા ગામને કહેવા ચાલી
નીકળ્યા કે, જેવું ટાણું એવું ગાણું મળે
તો કેવી કમાલ થઈ જાય!

ખરખર ખરખર ખોદે છે સરસર સરસર સરકે છે ટગર ટગર તે દેખે છે ડગર ડગર તે

ગીતની કમાલ
Geetni Kamaal

ગુજરાતી ભાષાંતર: ધ્રુવ ભટ્ટ
સંપાદન: બંસી, આર્ચ ટીમ
ચિત્રો: જીતેન્દ્ર ઠાકુર

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી વાર્તા 'गीत का कमाल' નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of story 'Geet ka Kamal' published in Hindi by Eklavya.

ગુજરાતી ભાષાંતર: ધ્રએકલવ્ય ફાઉન્ડેશન, ફેબ્રુઆરી 2024
આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે.
ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે પુસ્તકનો મૂળ સ્ત્રોત તરીકે ઉલ્લેખ કરવો તથા પ્રકાશકને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે આર્ચ તથા એકલવ્યનો સંપર્ક કરવો.

પ્રથમ સંસ્કરણ: ફેબ્રુઆરી 2024 / 1000 નકલ
કાગળ: 100 gsm મૅપલીથો અને 300 gsm પેપર બોર્ડ (પૂંઠું)
ISBN: 978-81-19771-66-0
કિંમત: ₹ 150.00

સહપ્રકાશક:

એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in

આર્ચ (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
ઈમેલ: arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 268 7589

કૂદે છે ખરખર ખરખર ખોદે છે સરસર સરસર સરકે છે ટગર ટગર તે દેખે છે કૂદક કૂદક તે કૂદે છે

જિતેન્દ્ર ઠાકુર યુવા ચિત્રકાર છે. બાળકો માટે ચિત્રકારી કરવી તેમને ખૂબ ગમે છે. તેઓ પ્રકૃતિના સૌંદર્યને પોતાના રંગો દ્વારા અનુભવવાનો પ્રયાસ કરે છે. તેઓ એકલવ્ય, ભોપાલમાં કાર્યરત હતા.

એકલવ્ય સ્વૈચ્છિક સંસ્થા છે જે લગભગ અર્ધા દાયકાથી શિક્ષણ અને લોકવિજ્ઞાનના ક્ષેત્રમાં કાર્યરત છે. એકલવ્ય શાળાની અંદર તથા શાળાની બહાર એમ બંને ક્ષેત્રોમાં કાર્ય કરે છે.

એકલવ્યનો મુખ્ય ઉદ્દેશ એવા શિક્ષણનો વિકાસ કરવાનો છે જે બાળકો તથા તેમના પર્યાવરણ સાથે જોડાયેલું હોય તથા રમત, પ્રવૃત્તિ અને સર્જનાત્મક પાસાં પર આધારિત હોય. અમારા કામ દરમ્યાન અમને સમજાયું છે કે શાળાના પ્રયત્નો ત્યારે જ સફળ થઈ શકે જયારે બાળકોને શાળાના સમય પછી, શાળાની બહાર અને ઘરમાં પણ રચનાત્મક કામ માટેનાં સાધનો ઉપલબ્ધ હોય. પુસ્તકો અને સામયિકો આ સાધનોનો મહત્ત્વનો ભાગ છે.

એકલવ્ય છેલ્લા 30 કરતાં પણ વધુ વર્ષોથી પ્રકાશનક્ષેત્રે કાર્યરત છે. બાળકોના સામયિક ચકમક સિવાય સ્રોત (વિજ્ઞાન અને ટેક્નોલોજી ફીચર્સ) અને શૈક્ષણિક સંદર્ભ (શૈક્ષણિક સામયિક) અમારાં નિયમિત પ્રકાશનો છે. બાળસાહિત્ય અંતર્ગત ચિત્રકથાઓ, કવિતાઓ અને શિક્ષણ, લોકવિજ્ઞાન, બાળકો માટે સર્જનાત્મક પ્રવૃત્તિઓ, વિકાસના વ્યાપક મુદ્દાઓને લગતાં પુસ્તકો, પુસ્તિકાઓ, વગેરે સામગ્રી પણ અમે વિકસિત અને પ્રકાશિત કરી છે.

એક ગામમાં એક સ્ત્રી પરેશાન છે. કેમ? કેમ કે તેને એક્કેય ગીત નથી આવડતું. તો શરુ થાય છે ગીત માટે ભાગંભાગ. આખરે તેને એક ગીત મળી જ જાય છે, અને એ પણ કમાલનું!

કેવી રીતે મળ્યું ગીત અને શી કમાલ કરી ગીતે? જાણવા માટે વાંચો પુસ્તકની અંદર...

एकलव्य ARCH

કિંમત: ₹ 150.00

9 788119 771660